જનસંપર્ક અધીકારી દ્વારા

પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર

ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩

કંટ્રોલરૂમ ટેલીફોન નંબર ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૦૧/૧૦/૨૦૧૬ શનિવાર

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૧૭૯૪/૧૬**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૨૨ કેસ કરી, ૨૨ વ્યક્તિઓને ઝડપી ૭૯ લીટર દેશી દારૂ, ૬૦ બોટલ ઈંગ્લીશ દારૂ, ૩૦૩ બીયર ટીન, ૨ કાર અને ૧ મોટર સાયકલ કબજે કર્યુ હતુ. તેમજ જુગાર ધારા હેઠળ ૨ કેસ કરી ૧૧ વ્યક્તિઓને ઝડપી રૂપિયા ૨૪,૧૫૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલાં હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૧૭૯૫/૧૬**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલાં હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૧૫૨ વ્યક્તિઓની તેમજ પ્રોહી.૯૩ મુજબ ૩ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૧ વ્યક્તિની અટકાયત કરી હતી.

**ખુનની ફરીયાદઃ-** **સમાચાર યાદી નં.૧૭૯૬/૧૬**

ગાયક્વાડ હવેલીઃ ફિરોજખાન અબ્દુલશકુર પઠાણ (ઉ.વ.૩૯) (રહે. સૈયદ અવન્યુ ફ્લેટ શાકીવાલા ફ્લેટની બાજુમા ગાયક્વાડ હવેલી સામે રાયખડ) એ ગાયકવાડ હવેલી પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે આરોપી (૧) સદામ હુશેન લીયાકત હુશેન શેખ (જે અગાઉ ફિરોજખાનની દુકાનમાં ચોરી કરતા પકડાઈ જતા દુકાનમાંથી કાઢી મુકેલ હતો) અને (૨) મુસ્તુફા મહમદઅલી શેખ (બન્ને રહે. મચ્છી માર્કેટ ત્રણ દરવાજા પટવાશેરી) એ તા.૩૦/૯/૧૬ રાતના ૮/૩૦ વાગ્યાના સુમારે ફિરોજખાનના ઘરે આવી ચોરી કે લુંટ કરવાના ઇરાદે ફિરોજખાનની પત્ની સાજેદાબાનુ ઉપર તિક્ષ્ણ હથીયાર વડે જીવલેણ હુમલો કર્યો હતો. સારવાર દરમ્યાન સાજેદાબાનુનુ મોત નિપજયું હતુ. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી વી.એમ.શેલાર ચલાવે છે. બન્ને આરોપીઓ પકડાઈ ગયા છે.

**બળાત્કારની ફરીયાદઃ-** **સમાચાર યાદી નં.૧૭૯૭/૧૬**

મહિલા પોલીસ સ્ટેશનઃ નવરંગપુરા વિસ્તારમાં રહેતી પરણીતાએ મહિલા પોલીસ સ્ટેશન ખાતે તા.૩૦/૯/૧૬ નારોજ ફરીયાદ નોધાવી છે કે છેલ્લા પાંચ છ વર્ષ અગાઉ થી તા.૨૮/૯/૧૬ સુધીના સમયગાળા દરમ્યાન આરોપી પરણીતાના પતિના મિત્ર (૧) જીગરભાઈ હસમુખભાઈ શાહ (રહે. અરિહંત બંગ્લો ગાલા જીમખાના રોડ બોપલ) એ આરોપી (૨) અવનીબહેન પટેલ (રહે. શ્રી ઉત્સવ ફલેટ, સામદેવ હોસ્પિટલ સામે નવરંગપુરા)ની મદદગારીથી પરણીતાના ઘરે આવી પીણામાં કેફી પદાર્થ ભેળવી પરણીતાને પીવડાવી અર્ધ બેભાન કરી પરણીતાની મરજી વિરૂધ્ધ અવાર નવાર શરીર સંબંધ બાંધી પરણીતાને અને પરણીતાના બાળકોને જાનથી મારી નાખવાની ધમકી આપી પરણીતાની બેંકોની પોલીસીઓ જબરદસ્તીથી વિડ્રો કરાવી જબરદસ્તીથી જમીન વેંચાણ કરાવી તેમાથી મળેલ રૂપિયા બળજબરીથી કઢાવી લીધા હતા. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી એચ.જી.કટારિયા ચલાવે છે.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

**વિશ્વાસઘાત અને છેતરપિંડીની ફરીયાદઃ-** **સમાચાર યાદી નં.૧૭૯૮/૧૬**

રામોલઃ કેદારસિંહ સીતારામ કુશ્વાહ (ઉ.વ.૨૨) (રહે.ચિત્રકુટધામ ન્યુ આર.ટી.ઓ. રોડ વસ્ત્રાલ) એ તા.૩૦/૯/૧૬ નારોજ રામોલ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૬/૯/૧૬ બપોરના ૧/૩૦ વાગ્યાના સુમારે રામોલ ખાનવાડી સામે મહાદેવ એસ્ટેટમા આવેલ સ્ટેટ બેંક ઓફ ઇન્ડિયા આગળ આવેલ ATM મા રૂપીયા ૩૬,૦૦૦/- ભરવા ગયેલ તે વખતે બે અજાણ્યા ઇસમો કેદારસિહ પાસે આવી જણાવેલ કે અહીંયા રૂપીયા ભરવામા સમય લાગશે જેથી મારી સાથે આવો નજીકના બિજા ATMમા રૂપીયા ભરાવી આપીશ. તેમ જણાવતા કેદારસિહ તેમની સાથે જતા હતા ત્યારે રામોલ કેનાલના ઢાળમાં અ.મ્યુ,કોર્પો.ના પમ્પીંગ સ્ટેશન સામે પહોચતા એક ઇસમે રૂમાલથી બાંધેલુ પડીકુ કેદારસિહના હાથમા આપી જણાવેલ કે આ પડીકામા એક લાખ રૂપિયા છે જે તમે રાખો અને બીજા ઇસમે જણાવેલ કે અમારે હાલ થોડાક જ રૂપીયાની જરૂર હોય જેથી તમારી પાસેના રૂપીયા અમને આપો જેથી કેદારસિહ વિશ્વાસમા આવી જઇ રૂપિયા ૩૬,૦૦૦/- તેમને આપી દીધેલ અને તે બન્ને ઇસમો ત્યાથી રીક્ષામા જતા રહેલા. ત્યારબાદ પડીકુ ખોલી જોતા ઉપરના ભાગે એક ૫૦૦ રૂપિયાની નોટ હતી અને નીચેના બીજા કાગળોવાળુ પડીકુ હતુ ત્યારે કેદારસિહ છેતરાયા હોવાનુ માલુમ પડ્યુ હતુ. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી કે એન લાઠીયા ચલાવે છે.

**વાહન અકસ્માતમાં મૃત્યુઃ-** **સમાચાર યાદી નં.૧૭૯૯/૧૬**

**“બી” ટ્રાફીક પોલીસ સ્ટેશનઃ** કનુભાઈ સેંધાભાઈ લીમ્બાચીયા (ઉ.વ.૩૦) (રહે.શાસ્ત્રીનગર શોપીંગ સેન્ટર નારણપુરા) તા.૫/૯/૧૬ કલાક ૫/૩૦ વાગ્યાના સુમારે સૌરભ ચાર રસ્તા અમુલ પાર્લર નજીકથી સ્કુટી ચલાવી પસાર થઈ રહ્યા હતા ત્યારે અજાણ્યા વાહન ચાલકે વાહન પુરઝડપે અને બેદરકારીથી ચલાવી ટક્કર મારતા ગંભીર ઈજાઓ થતા સારવાર માટે વા.સા.હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જયાં સારવાર દરમ્યાન તા.૩૦/૯/૧૬ નારોજ તેમનુ મૃત્યુ નિપજયું હતુ. આ અંગેની ફરીયાદ મૃત્યુ પામનાર કનુભાઈના બનેવી રમેશભાઈ કાનજીભાઈ પટેલ (રહે.શાસ્ત્રીનગર શોપીંગ સેન્ટર નારણપુરા) એ તા.૩૦/૯/૧૬ નારોજ “બી” ટ્રાફીક પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી પી બી રાણા ચલાવે છે.

**વિજ કરંટ લાગતા મૃત્યુઃ-** **સમાચાર યાદી નં.૧૮૦૦/૧૬**

**એલીસબ્રીજઃ** ગોવીંદભાઇ સુખાભાઇ વાઘેલા (ઉ.વ.૪૦) (રહે. વીજયમીલ ક્વાટર્સ ઓમનગર ક્રોસીંગ પાસે નરોડા રોડ) ને તા ૩૦/૯/૧૬ સાંજના ૫/૦૦ વાગ્યા પહેલા પરીમલ ગાર્ડન પાસે આવેલ થર્ડ આઇ ટુ બીલ્ડીંગના કંમ્પાઉન્ડમા ઇલેક્ટ્રીક વિજ કરંટ લાગતા મૃત્યુ નિપજયું હતુ. આ અંગે એલીસબ્રીજ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો શ્રી મગનભાઇ વેચાતભાઇ ચલાવે છે.

**નાયબ પોલીસ કમિશનર,**
**કંટ્રોલરૂમ, અ’વાદ શહેર.**
**પોલીસ કમિશનર વતી.**



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)